‘વિકસિત ભારત ૨૦૪૭’ના લક્ષ્યને સાકાર કરવામાં

IIMની ભૂમિકા મહત્ત્વપૂર્ણ: ધર્મેન્દ્ર પ્રધાન

કેન્દ્રીય શિક્ષણ મંત્રી અધ્યક્ષતામાં આઈઆઈએમ અમદાવાદ ખાતે આઈઆઈએમ સંકલન મંચ બેઠક યોજાઈ

અમદાવાદઃ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનએ આજે ઈન્ડિયન ઈન્સ્ટી. ઓફ મેનેજમેન્ટ ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ્સની સંકલન મંચ બેઠકની અધ્યક્ષતા કરી હતી. શિક્ષણ મંત્રાલયના ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા આઈઆઈએમ અમદાવાદના સહયોગથી યોજાયેલી આ બેઠકમાં દેશભરના આઈઆઈએમના બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષો, નિયામકો તેમજ વિવિધ રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંકલન મંચના અધ્યક્ષ તરીકે પણ સેવા આપતા ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે ‘વિકસિત ભારત ૨૦૪૭’ના લક્ષ્યને સાકાર કરવામાં આઈઆઈએમની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ રહેશે. બેઠક દરમિયાન વિદ્યાર્થી કલ્યાણ, સંસ્થાકીય સંકલન, શૈક્ષણિક શ્રેષ્ઠતા, નવીનતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે ભારતની આઈઆઈએમ સંસ્થાઓ આજે માત્ર વ્યવસ્થાપન શિક્ષણ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ રાષ્ટ્ર નિર્માણ અને આર્થિક પરિવર્તનના સૌથી મજબૂત પ્રેરક પરિબળોમાંથી એક તરીકે ઉભરી આવી છે. સાથે જ વૈશ્વિક સ્તરે નેતૃત્વ અને વ્યવસ્થાપન શિક્ષણના શ્રેષ્ઠ માળખા તરીકે પણ પોતાની ઓળખ બનાવી રહી છે.ધર્મેન્દ્ર પ્રધાને વધુમાં કહ્યું હતું કે નવીનતા આધારિત વ્યવસ્થાને મજબૂત બનાવી, ઉભરતા વૈશ્વિક પડકારોને અનુકૂળ બની અને મૂલ્યઆધારિત શિક્ષણને પ્રોત્સાહન આપીને આઈઆઈએમ દેશની વિકાસયાત્રામાં વધુ નોંધપાત્ર ફાળો આપી શકે છે. આ સાથે વૈશ્વિક મંચ પર ભારતના અવાજને વધુ મજબૂત બનાવવામાં પણ આઈઆઈએમની ભૂમિકા મહત્વપૂર્ણ બનશે.

ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવ વિનીત જોશીએ આઈઆઈએમ વચ્ચે સહયોગ અને સંસ્થાકીય સંકલન મજબૂત કરવામાં સંકલન મંચની ભૂમિકાને અગત્યની ગણાવી હતી. બેઠક દરમિયાન અનેક મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં ‘વિકસિત ભારત’ના લક્ષ્યોમાં આઈઆઈએમનું યોગદાન, સ્નાતક પ્રવેશ પરીક્ષાઓને દેશની ભવિષ્યની જરૂરિયાતો સાથે સુસંગત બનાવવી, વ્યવસ્થાપન અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કાર્યપદ્ધતિ ઘડવી, વિદ્યાર્થીઓના એક સંસ્થાથી બીજી સંસ્થામાં સ્થળાંતર અને ફી પરત કરવાની નીતિને વધુ વ્યવસ્થિત બનાવવી જેવા મુદ્દાઓનો સમાવેશ થયો હતો.તે ઉપરાંત યુવા અધ્યાપકો અને નવી આઈઆઈએમ સંસ્થાઓને અનુભવી સંસ્થાઓમાં પ્રતિનિયુક્તિ દ્વારા અનુભવ આપવા માટે નીતિ ઘડવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. અધ્યાપક તથા બિનઅધ્યાપક કર્મચારીઓ માટે અનામત વ્યવસ્થાના અમલીકરણ જેવા મુદ્દાઓ પર પણ વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકને દેશની અગ્રણી વ્યવસ્થાપન સંસ્થાઓ વચ્ચે સહકાર વધારવા અને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવી દિશા નક્કી કરવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

NEET મુદ્દે અમદાવાદમાં કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનો ઉગ્ર વિરોધ

અમદાવાદઃ NEET પરીક્ષા પેપર લીક મુદ્દે દેશભરમાં વિદ્યાર્થીઓમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. આ વચ્ચે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અમદાવાદ મુલાકાત દરમિયાન IIM કેમ્પસ ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરી કાળા વાવટા બતાવ્યા હતા. આ અંગે માહિતી મુજબ, NSUI દ્વારા વિરોધ પ્રદર્શન કરવાની અગાઉથી ચીમકી આપવામાં આવી હતી. જેના પગલે કેન્દ્રીય શિક્ષણમંત્રીની અમદાવાદ મુલાકાત અને કાર્યક્રમને ગુપ્ત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે મંત્રીના કાર્યક્રમોની વિગતો પહેલાથી જાહેર કરવામાં આવતી હોય છે, પરંતુ આ વખતે સુરક્ષાને ધ્યાનમાં રાખીને માહિતી મર્યાદિત રાખવામાં આવી હતી. તેમ છતાં, કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનો કાફલો IIM અમદાવાદના ગેટ પરથી બહાર નીકળ્યો ત્યારે મોટી સંખ્યામાં એનએસયુઆઈના કાર્યકરો અચાનક કાળા વાવટા અને કાળા કપડાં સાથે પહોંચી NEET પેપર લીક મુદ્દે કેન્દ્ર સરકાર અને શિક્ષણ મંત્રાલય વિરુદ્ધ નારા લગાવી વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ વિરોધ પ્રદર્શન દરમિયાન પરિસ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે પોલીસ વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. આ ઘટનાને લઈને વિસ્તારમાં થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો.

અમદાવાદના કાળા રામજીના મંદિરે ભગવાનને ચંદનના વાઘાનો મનોરથ

■ અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલા વર્ષો જૂના કાળા રામજીના મંદિરે કાળઝાળ ગરમીથી ભગવાનને રક્ષણ આપવા માટે વિશેષ સેવા કરવામાં આવી હતી. ભગવાન રામજીને શીતળતા અર્પતા ચંદનના વાઘા (શણગાર) ધરાવવામાં આવ્યા હતા, સાથે જ ગર્ભગૃહમાં પ્રભુની મૂર્તિ સમક્ષ આધુનિક ફુવારા ગોઠવી ઠંડકનો અનોખો માહોલ તૈયાર કરવામાં આવ્યો હતો. **(તસવીરઃ જનક પટેલ, અમદાવાદ)**

ગાંધીનગર સચિવાલયમાં ‘વર્ક ફ્રોમ હોમ’ની માંગ તેજ

ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા સીએમ ભૂપેન્દ્ર પટેલને લખાયેલા પત્રમાં હાઈબ્રિડ વર્કિંગ મોડલ અને ‘વર્ક ફ્રોમ હોમ’ પદ્ધતિ અમલમાં મૂકવા રજૂઆત કરી

ગાંધીનગરઃ ગુજરાતમાં વહીવટી તંત્રને વધુ આધુનિક, કાર્યક્ષમ અને પર્યાવરણલક્ષી બનાવવા માટે હવે સચિવાલયમાં ‘વર્ક ફ્રોમ હોમ’ વ્યવસ્થા અમલમાં મૂકવાની માંગ ઊઠી છે. ધી ગુજરાત સચિવાલય ફેડરેશન દ્વારા સીએમ ભૂપેન્દ્ર પટેલને સંબોધીને લખાયેલા પત્રમાં સચિવાલયમાં હાઈબ્રિડ વર્કિંગ મોડલ અને ‘વર્ક ફ્રોમ હોમ’ પદ્ધતિ અમલમાં મૂકવા રજૂઆત કરવામાં આવી છે. પીએમ નરેન્દ્ર મોદી દ્વારા દેશને ‘આર્થિક આત્મરક્ષા’ અને ઈંધણ બચત માટે કરાયેલી અપીલનો ગુજરાતમાં વ્યાપક પડઘો પડ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, સીએમ ભૂપેન્દ્ર પટેલ, ડે સીએમ હર્ષ સંઘવી તથા અન્ય કેબિનેટ મંત્રીઓએ કોન્વોયમાં વાહનો ઘટાડી દીધા છે.

પેટ્રોલ-ડીઝલ પર ઓછો ખર્ચ થાય તેવા પગલાં લીધા છે. ફેડરેશનના પ્રમુખ કીર્તિ એલ. પટેલ અને મહામંત્રી હિરેન આર. પટેલ દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે પીએમ નરેન્દ્ર મોદી દ્વારા પેટ્રોલ-ડીઝલના વપરાશમાં ઘટાડો કરવાઅને વર્ચ્યુઅલ મિટિંગ્સને પ્રાથમિકતા આપવા કરાયેલી અપીલ રાષ્ટ્રહિતમાં મહત્ત્વપૂર્ણ અને દૂરંદેશી પગલું છે. પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ અને વૈશ્વિક ઈંધણ સંકટને ધ્યાનમાં રાખીને હવે સરકારી તંત્રમાં પણ વૈકલ્પિક કાર્યપદ્ધતિ અપનાવવી જરૂરી બની હોવાનું ફેડરેશને જણાવ્યું છે.ફેડરેશને યાદ અપાવ્યું હતું કે કોરોના મહામારી દરમિયાન ઈ-ઓફિસ અને ‘વર્ક ફ્રોમ હોમ’ વ્યવસ્થા સફળતાપૂર્વક અમલમાં આવી હતી. હાલમાં સચિવાલયમાં ઈ-સરકાર, કર્મયોગી અને આઈ.એફ.એમ.એસ. જેવી ડિજિટલ સિસ્ટમ્સ કાર્યરત હોવાથી હવે આ વ્યવસ્થાને કાયમી અને સુવ્યવસ્થિત રીતે અમલમાં મૂકી શકાય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

ફેડરેશનની મુખ્ય માંગણીઓ

ફેડરેશન દ્વારા સરકાર સમક્ષ કેટલીક મહત્વપૂર્ણ દરખાસ્તો રજૂ કરવામાં આવી છેઃ

શક્ય હોય તેવા વિભાગોમાં તબક્કાવાર ‘વર્ક ફ્રોમ હોમ’ અથવા ‘હાઈબ્રિડ વર્કિંગ મોડલ’ શરૂ કરવું

કેન્દ્ર સરકારના ધોરણે અઠવાડિયામાં 5 દિવસનું કામકાજ અમલમાં મૂકવું

રોટેશન આધારીત હાજરીની વ્યવસ્થા ઊભી કરવી જેથી કાર્યક્ષમતા જળવાઈ રહે, ફેડરેશનના મતે આ પગલાંથી માત્ર ઈંધણની જ બચત નહીં થાય, પરંતુ ટ્રાફિકની સમસ્યા અને પ્રદૂષણમાં ઘટાડો થશે. સાથે જ કિમતી માનવ કલાકો બચશે અને ‘ગ્રીન ગવર્નન્સ’ના લક્ષ્યને પણ પ્રોત્સાહન મળશે.

કેબિનેટ બેઠકમાં થઈ શકે ચર્ચા

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર આવતીકાલે યોજાનારી ગુજરાત કેબિનેટ બેઠકમાં આ મુદ્દે વિશેષ ચર્ચા થવાની શક્યતા છે. સરકાર હાલમાં બે મોડલ પર વિચારણા કરી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.પ્રથમ મોડલ હેઠળ પસંદગીના વિભાગોમાં કર્મચારીઓને સંપૂર્ણ રીતે ઘરે બેઠા કામ કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. જ્યારે બીજા વિકલ્પ તરીકે રોટેશન આધારીત હાજરી પદ્ધતિ અમલમાં મૂકવાની ચર્ચા ચાલી રહી છે, જેથી ઓફિસોમાં ભીડ ઘટાડવા સાથે ઈંધણ બચતનો ઉદ્દેશ સિદ્ધ થઈ શકે. કોરોના કાળ દરમિયાન મળેલા અનુભવને ધ્યાનમાં રાખીને સરકાર ફરી એકવાર ડિજિટલ કાર્યપદ્ધતિને પ્રોત્સાહન આપવાના મૂડમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઓનલાઈન સેવાઓ અને ડિજિટલ માધ્યમોના વધતા ઉપયોગને કારણે હવે અનેક સરકારી કામગીરી દૂરસ્થ રીતે પણ સરળતાથી સંભવ બની રહી છે. જો સરકાર આ પ્રસ્તાવને મંજૂરી આપે તો રાજ્યના હજારો સરકારી કર્મચારીઓને મોટી રાહત મળશે. સાથે જ ટ્રાફિક અને ઈંધણ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા છે. હવે સૌની નજર આવતીકાલે યોજાનારી ગુજરાત કેબિનેટ બેઠક પર ટકેલી છે, જ્યાં ‘વર્ક ફ્રોમ હોમ’ મુદ્દે મહત્વપૂર્ણ નિર્ણય લેવાઈ શકે છે.

ધો.12 વિજ્ઞાન, સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષાનાં ફોર્મ ભરવાની મુદત બે દિવસ લંબાવાઈ

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની લેવાનાર પૂરક પરીક્ષા માટે આવેદનપત્રો ભરવાની મુદત બે દિવસ લંબાવવામાં આવી છે. હવે 16 મી મે સુધી ઓનલાઈન આવેદનપત્રો ભરી શકાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામ જાહેર થયા બાદ જે વિદ્યાર્થીઓ એક કે તેથી વધુ વિષય-વિષયોમાં ગેરહાજર રહેલા હોય, અથવા એક કે તેથી વધુ વિષય-વિષયોમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં બેસવા ઈચ્છતા હોય તો પરીક્ષા માટેનાં આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પર ઓનલાઈન ભરવાનું રહેશે. પરીક્ષા માટે ઓનલાઈન આવેદનપત્ર તથા ફી ભરવાની અંતિમ તારીખ આજે 14 મે 2026 હતી. જે બે દિવસ લંબાવીને હવે 16-5-2026 સુધી કરવામાં આવી છે.

ઈંધણ બચતનો સંદેશ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કુરુક્ષેત્રમાં સાઈકલ ચલાવી

ગુજરાતથી કુરુક્ષેત્ર સુધી ટ્રેનમાં મુસાફરી કર્યા બાદ કુરુક્ષેત્ર રેલવે સ્ટેશનથી ગુરુકુળ સુધી સાઇકલ ચલાવી લોકોને ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કર્યા

ગાંધીનગરઃ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ઈંધણ બચત અને સ્વદેશી અપનાવવાના સંદેશ સાથે કુરુક્ષેત્રમાં અનોખી પહેલ કરી હતી. રાજ્યપાલએ ગુજરાતથી કુરુક્ષેત્ર સુધી ટ્રેનમાં મુસાફરી કર્યા બાદ કુરુક્ષેત્ર રેલવે સ્ટેશનથી ગુરુકુળ સુધી સાયકલ ચલાવી લોકોને ઈંધણ બચત અને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રેરિત કર્યા હતા.

રાજ્યપાલ આજે સવારે શતાબ્દી એક્સપ્રેસ દ્વારા કુરુક્ષેત્ર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા, જ્યાં નાગરિકો અને ગુરુકુળ પરિવાર દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે રેલવે સ્ટેશનથી રેલવે રોડ, આર્ય સમાજ માર્કેટ, પેનોરમા ચોક અને બિરલા મંદિર માર્ગે સાયકલ યાત્રા કરી ગુરુકુળ પહોંચ્યા હતા. આ યાત્રામાં ઓ.એસ.ડી. ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર, ગૌરવ આર્ય, એસએઆઈના ખેલાડીઓ તેમજ આશરે 200 જેટલા સાયકલિસ્ટ જોડાયા હતા.

આ પ્રસંગે રાજ્યપાલએ જણાવ્યું હતું કે દેશના અર્થતંત્ર અને મુદ્રા સ્થિતિને મજબૂત બનાવવા દરેક નાગરિકે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરવી જોઈએ. તેમણે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘વિકસિત ભારત’ના સંકલ્પને સાકાર કરવા માટે દેશવાસીઓએ ઈંધણ બચત અને આત્મનિર્ભરતાને જીવનશૈલી બનાવવી જરૂરી છે.

રાજ્યપાલએ જણાવ્યું હતું કે વડાપ્રધાનના ઈંધણ બચતના આહવાનને અનુસરીને તેમણે રાજ્યમાં આયોજિત કાર્યક્રમો માટે હવાઈ મુસાફરી અને હેલિકોપ્ટરનો ઉપયોગ બંધ કરી દીધો છે. સાથે જ પોતાના કાફલામાં ગાડીઓની સંખ્યા પણ ઘટાડવામાં આવી છે.તેમણે વિદ્યાર્થીઓ અને યુવાનોને આ સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવાની અપીલ કરતા જણાવ્યું હતું કે દેશ હાલ તેલ સંકટ જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે અને આવા સમયે ઈંધણ બચત રાષ્ટ્રસેવા સમાન છે.રાજ્યપાલે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની તમામ રાજ્ય યુનિવર્સિટીઓને અઠવાડિયામાં એક દિવસ ‘નો વ્હીકલ ડે’ ઉજવવા અને જાહેર પરિવહન, સાયકલ અથવા ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ પ્રોત્સાહિત કરવા સૂચના આપવામાં આવી છે. ગ્રામ કલ્યાણ કાર્યક્રમ અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે તેઓ દર અઠવાડિયે એક ગામની મુલાકાત લઈ સરકારી શાળામાં રાત્રિ રોકાણ કરે છે અને ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, સ્વચ્છતા તથા સંસ્કારયુક્ત શિક્ષણ માટે પ્રેરિત કરે છે.રાજ્યપાલે જણાવ્યું હતું કે કુરુક્ષેત્ર ગુરુકુળમાં છેલ્લા 10 વર્ષથી 200 એકરમાં સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. આ જ મોડલને ગુજરાતમાં અભિયાન સ્વરૂપે અમલમાં મૂકાતા આજે રાજ્યના અંદાજે 8.50 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે.તેમણે જણાવ્યું હતું કે પ્રાકૃતિક ખેતી કરતા અનેક ખેડૂતો એકર દીઠ વાર્ષિક 5 થી 8 લાખ રૂપિયાની બચત કરી રહ્યા છે અને સાથે જમીનની ફળદ્રુપતામાં પણ વધારો થયો છે.

ઓલપાડના સિવાણમાં માત્ર ધો.10 પાસ કમ્પાઉન્ડર ડોક્ટર બની બેઠો!

મેડિકલ સાધનો અને દવાઓ સહિત રૂ.6,700થી વધુનો મુદ્દામાલ જપ્ત

પલસાણાઃ સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે ઓલપાડના સિવાણ ગામેથી કોઈપણ માન્ય મેડિકલ ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતા એક બોગસ ડોક્ટરને ઝડપી પાડ્યો હતો. પકડાયેલો શખ્સ માત્ર ધો.10 સુધીનો અભ્યાસ ધરાવે છે.

એસઓજીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે સિવાણ ગામે આવેલી ‘મહેક રેસિડેન્સી’માં એક વ્યક્તિ માન્ય રજિસ્ટ્રેશન કે ડિગ્રી વગર એલોપેથિક ક્લિનિક ચલાવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે ઓચિંતી તપાસ હાથ ધરતાં 24 વર્ષીય ઉત્સોબ ચંડી બીસ્વાસ નામનો શખ્સ રંગેહાથ પકડાયો હતો. પોલીસની પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપીએ માત્ર ધો.10 સુધી અભ્યાસ કર્યો છે. અગાઉ પશ્ચિમ બંગાળમાં એક ક્લિનિકમાં ત્રણ વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે કામ કર્યા બાદ, તે અનુભવના આધારે તે અહીં કોઈપણ લાયકાત વગર ડોક્ટર તરીકે પ્રેક્ટિસ કરતો હતો. પોલીસે ક્લિનિકમાંથી તપાસ દરમિયાન સ્ટેથોસ્કોપ, બ્લડ પ્રેશર માપવાનું મશીન તેમજ વિવિધ એલોપેથિક દવાઓ સહિત કુલ 6,761.42નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી પાસે પ્રેક્ટિસ કરવા માટેનું કોઈ પણ પ્રકારનું માન્ય પ્રમાણપત્ર મળી આવ્યું નથી.

માંડવીમાં ને. હા. નં.56 બાયપાસના સરવે સામે ચાર ગામનો ઉગ્ર વિરોધ

સથવાવ, સરકુઇ, બેડધા અને જૂના કાકરાપારના ગ્રામજનો રસ્તા પર ઊતર્યા

પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો

સાંસદ અને ધારાસભ્યની હાજરીમાં બેઠક યોજવાની માંગ સાથે સરવેની કામગીરી અટકાવી

માંડવીઃ માંડવી તાલુકામાં નેશનલ હાઈવે નં.56 વાપી-શામળાજી માર્ગ પર પ્રસ્તાવિત બાયપાસની સરવે કામગીરીનો સથવાવ, સરકુઇ, બેડધા અને જૂના કાકરાપારના ગ્રામજનોએ એકજૂટ થઈને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

હાઈવે ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીને પગલે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઊતરી આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ હાઈવે ઓથોરિટીના અધિકારીઓ જ્યારે નિર્ધારિત ગામોમાં સરવે માટે પહોંચ્યા ત્યારે સ્થાનિકોએ એકઠા થઈ કામગીરી અટકાવી દીધી હતી. આ વિરોધ પ્રદર્શનમાં પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ આનંદભાઈ ચૌધરી સહિતના સ્થાનિક આગેવાનો પણ ગ્રામજનોના સમર્થનમાં જોડાતા મામલો ગરમાયો હતો.

ગ્રામજનોનો આક્ષેપ છે કે તેમની જમીન અને હિતોને અસર કરતી આ કામગીરી અંગે યોગ્ય પરામર્શ કરવામાં આવ્યો નથી. પરિસ્થિતિ તંગ બનતાં માંડવી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. માંડવી પીઆઈ જયેશ વડવીએ સ્થળ પર પહોંચી ગ્રામજનો અને આગેવાનો સાથે વાતચીત કરી મામલો શાંત પાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. પોલીસની સમજાવટ બાદ હાલ પૂરતી પરિસ્થિતિ અંકુશમાં આવી છે.

ગ્રામજનોએ સ્પષ્ટ માંગ કરી છે કે, જ્યાં સુધી સ્થાનિક સાંસદ અને માંડવીના ધારાસભ્યની હાજરીમાં ગ્રામજનો સાથે બેઠક યોજી તેમની રજૂઆતો સાંભળવામાં ન આવે, ત્યાં સુધી સરવેની કોઈપણ કામગીરી આગળ વધવા દેવામાં આવશે નહીં. વધુમાં, સ્થાનિકોએ ચીમકી ઉચ્ચારી છે કે જો તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે.

રાજકોટ, અમદાવાદ, ગાંધીનગરમાં 44 ડિગ્રી ગરમી સાથે લોકો ત્રાહિમામ

રાજ્યનાં અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીને પાર, તાપમાન આગામી ચાર દિવસ યથાવત રહેવાની શક્યતા

ગાંધીનગરઃ ગુજરાતમાં ઉનાળાએ હવે આકરો મિજાજ ધારણ કર્યો છે. રાજ્યના અનેક શહેરોમાં તાપમાન 40 ડિગ્રીને પાર પહોંચી જતા લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આજે રાજકોટ, અમદાવાદ અને ગાંધીનગરમાં રાજ્યનું સૌથી વધુ 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતા ગરમીનો પ્રકોપ ચરમસીમાએ પહોંચ્યો હતો.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના અન્ય શહેરોમાં પણ ભારે ગરમીનો માહોલ રહ્યો હતો. કંડલા પોર્ટ અને કંડલા એરપોર્ટ પર 43 ડિ.સે., અમરેલીમાં 43 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 43 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 43 ડિ.સે., વડોદરામાં 42 ડિ.સે., અને ડીસામાં 42 ડિ.સે., તાપમાન નોંધાયું હતું. ભાવનગરમાં 41 ડિ.સે., ભૂજ અને કેશોદમાં 40 ડિ.સે., જ્યારે પોરબંદરમાં 39 ડિ.સે., તાપમાન રહ્યું હતું. બીજી તરફ દરિયાકાંઠાના વિસ્તારોમાં મહુવામાં 36 ડિ.સે., સુરતમાં 34 ડિ.સે., અને દમણમાં 35 ડિ.સે., તાપમાન નોંધાયું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન સમગ્ર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ, દમણ અને દાદરા નગર હવેલી વિસ્તારમાં વાતાવરણ શુષ્ક રહ્યું હતું. કચ્છ જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં તીવ્ર હીટવેવની સ્થિતિ જોવા મળી હતી. જ્યારે રાજકોટ, દ્વારકા અને પોરબંદર જિલ્લામાં પણ હીટવેવની અસર નોંધાઈ હતી.હવામાન વિભાગના વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું કે આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં ખાસ કોઈ ફેરફાર થવાની શક્યતા નથી. જોકે ત્યારબાદના ત્રણ દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સુધીનો ઘટાડો થઈ શકે છે. તેમ છતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં આગામી ચાર દિવસ સુધી 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે 15 અને 16 મે દરમિયાન ગરમ અને ભેજવાળા વાતાવરણની આગાહી પણ કરી છે. આગામી 24 કલાક માટે સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ અને કચ્છ જિલ્લામાં હીટવેવની સ્થિતિ યથાવત રહેવાની શક્યતા હોવાથી ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.તે ઉપરાંત બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, પોરબંદર, અમરેલી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ અને દીવ જિલ્લામાં યલ્લો એલર્ટ જાહેર કરાયું છે. આ વિસ્તારોમાં પણ હીટવેવની અસર જોવા મળી શકે છે.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે હવામાન વિભાગે આગામી 15 મે સુધી આકાશ મુખ્યત્વે નિર્મેઘ રહેવાની આગાહી કરી છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સુધી પહોંચી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનની હાલની પરિસ્થિતિ અંગે સૂત્રોએ જણાવ્યું હતું કે દક્ષિણ-પશ્ચિમ મોન્સૂન 16 મે આસપાસ દક્ષિણ બંગાળની ખાડી, અંદમાન સમુદ્ર અને અંદમાન-નિકોબાર દ્વીપસમૂહ તરફ આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. સાથે જ ઉત્તર-પશ્ચિમ ભારતમાં 15 મે બાદ નવી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાની શક્યતા છે.

સુડોકુ - ‘કૃતિ’ ૬૫૨૩

૭	૮		૨		૯	૫		૬
૪			૫					૨
૨	૫		૬	૭	૪			
	૬	૫						
						૬		૩
૩			૯	૫	૬	૪	૧	
		૪	૮	૬	૭		૨	૫
૫								૭
	૨	૭		૯	૫			૪

■ અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
■ દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
■ પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૬	૫	૩	૯	૮	૧	૪
૭	૬	૩	૮	૧	૨	૯	૪	૫
૫	૮	૧	૪	૯	૬	૨	૭	૩
૩	૫	૯	૧	૮	૭	૪	૨	૬
૮	૧	૭	૨	૬	૩	૫	૯	૧
૬	૪	૨	૯	૫	૧	૭	૩	૮
૧	૯	૪	૭	૨	૫	૩	૬	૯
૯	૩	૫	૬	૭	૪	૧	૮	૨
૪	૨	૮	૩	૬	૯	૧	૫	૭

દરકરે-ખરૂ કોડિ

શબ્દગુંફન - ૭૨૨૧

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. એક ખાવાની વાની (૪)
૪. દાન આપનાર (૪)
૬. મુખ, ચહેરો (૩)
૯. આંખ, લોચન (૩)
૧૧. અધિકારવાળું (૪)
૧૩. અક્કલ (૨)
૧૪. પતિ (૨)
૧૫. આંખની કીકી (૩)
૧૬. ઘોડો (૨)
૧૭. જનક રાજાની પુત્રી(૩)
૧૯. તૃપ્ત (૨)
૨૦. દિલ (૨)
૨૧. હથેળી (૪)
૨૪. નકામું, બાદ કરેલું (૨)
૨૫. રાત્રિ, રજની (૨)
૨૬. ફળ કે ઝાડના